અપીલ અરજી નં.૩૧૦ તા .૩–૧૦ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી અનવર એ ઘાંચી
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી અનવર એ ઘાંચીની તા. ૨૩–૮–૧૧ની અરજીથી ઉધના ઉદ્યોગનગર રોડ નં–૨, પેટ્રોલપંપની સામે ચાલી રહેલ બાંધકામની કાયદેસરતા બાબતે તેમજ અન્ય ગેરકાયદેસર બાંધકામ બાબતે મુદૃા નં.(૧) ઉપરોકત સ્થળે જે બાંધકામ ચાલુ છે તે બાંધકામનું આપના ઝોન ધ્વારા ડીમોલેશન કરવામાં આવેલ હતું કે કેમ ? જો ડીમોલેશન કરવામાં આવેલ હતું તો ગેરકાયદેસર બાંધકામ ફરીથી ઉભું કરી દેવામાં આવેલ છે કે કેમ ? વિ. મુદૃા નં.(૧) થી (૬)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૩–૧૦–૧૧ ની **SMC/FAP/** નં.૩૧૦/૨૦૧૧–૧૨

શ્રી અનવર એ ઘાંચીની તા. ૨૩–૮–૧૧ની અરજીથી ઉધના ઉદ્યોગનગર રોડ નં–૨, પેટ્રોલપંપની સામે ચાલી રહેલ બાંધકામની કાયદેસરતા બાબતે તેમજ અન્ય ગેરકાયદેસર બાંધકામ બાબતે મુદૃા નં.(૧) ઉપરોકત સ્થળે જે બાંધકામ ચાલુ છે તે બાંધકામનું આપના ઝોન ધ્વારા ડીમોલેશન કરવામાં આવેલ હતું કે કેમ ? જો ડીમોલેશન કરવામાં આવેલ હતું તો ગેરકાયદેસર બાંધકામ ફરીથી ઉભું કરી દેવામાં આવેલ છે કે કેમ ? વિ. મુદૃા નં.(૧) થી (૬)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૩– ૧૦ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા મુદ્દા નં. (૧) સહિત (૬) મુદ્દા અંગે દફતરી હકીકત નકલ સહ જણાવવા** પત્ર નં.આરટીઆઈ સેલ/૯૨૦ તા.૧૨–૧૦–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) તથા અરજદારને મુદ્દા નં.૧ ના સ્થળ, સ્થિતિ, સર્વે નં., પ્લોટ નં.ની કોઈ ચોકકસ વિગતો સ્થળ ડિસ્પ્લે પરથી કે એસ.એમ.સી.વેબ–કચેરી ખાતેથી મેળવેલ હોય કે અન્ય રીતે, તેમની કક્ષાએ હોય તો રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી કે અરજદાર તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૨૩–૮–૧૧ ની અરજીથી ઉધના ઉદ્યોગનગર રોડ નં–૨, પેટ્રોલપંપની સામે ચાલી રહેલ બાંધકામની કાયદેસરતા બાબતે તેમજ અન્ય ગેરકાયદેસર બાંધકામ બાબતની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જેમાં અરજીના મુદ્દા નં.(૧) ઉપરોકત સ્થળે જે બાંધકામ ચાલુ છે તે બાંધકામનું આપના ઝોન ધ્વારા ડીમોલીશન કરવામાં આવેલ હતુ તે ગે.કા. બાંધકામ ફરીથી ઉભુ કરી દેવામાં આવેલ છે કે કેમ? મુદ્દા નં.(૨) ઉપરોકત બાંધકામનું ડીમોલીશન કરેલ હોય તો ડીમોલીશન કર્યાની તારીખ તેમની પાસે ડીમોલીશનમાં વસુલ કર્યાની રકમ તથા તે બાંધકામને ફરીથી મંજુરી આપી હોય તો તે મંજુરી આપતા પત્રની નકલ સહિતની વિગતો આપવી. મુદ્દા નં.(૩) શ્રી પી.બી. સુરાવાલા જુ. ઈજનેર (ઉધનાઝોન કચેરી) ના વિસ્તારમાં કઈ કઈ ટીપી નંબર આવે છે તથા તે ટીપીમાં છેલ્લા એક વર્ષમાં કેટલા બાંધકામો થયેલા છે તેમાંથી કેટલા બાંધકામો ગે.કા. છે તેમજ જે તે ગે.કા. બાંધકામને ઝોન કચેરીએથી નોટીસો ફટકારીને બંધ કરાવેલ છે અને નોટીસો આપ્યા બાદ કેટલા બાંધકામોનું ડીમોલીશન ઝોન કચેરીએ કરેલ છે તથા કેટલા બાંધકામોનું ડીમોલીશન હજુ કરવાનું બાકી છે. જેની વિગતવાર માહિતી આપવી. મુદ્દા નં.(૪) ગેરકાયદેસર ઉભા થયેલા બાંધકામ તેમજ બાંધકામ ધારકોના નામ, સરનામાં, ડીમોલીશન કર્યાની તારીખ , નોટીસ આપ્યાની તારીખ, ડીમોલીશન વસુલ કર્યાની રકમ સહિતની વિગતવાર માહિતી નકલો સહિત આપવી. મુદ્દા નં.(૫) ગે.કા. ઉભા થયેલા બાંધકામોનું ઝોન કચેરીએ ડીમોલીશન કર્યા બાદ કેટલા બાંધકામો ફરીથી ઉભા કરી દેવામાં આવેલ છે ફરીથી બાંધકામ કરવા અંગેની કોઈ પરમીશન આપી હતી કે કેમ? આપી હોય તો તેની વિગતવાર માહિતી આપવી. ( ડીમોલીશન કર્યા તારીખ તેમની પાસે ડીમોલીશનમાં વસુલ કર્યાની રકમ તથા જો બાંધકામની ફરીથી મંજુરી આપી હોય તો તે મંજુરી પત્રની નકલ . સહિતની વિગતો આપવી.

મુદ્દા નં.(૬) ગે.કા. બાંધકામોનું ઝોન કચેરી ધ્વારા ડીમોલીશન કરાયા બાદ વિના મંજુરીએ ફરીથી તે બાંધકામો ઉભા (બનાવવામાં આવેલ હોય) તો તેવા બાંધકામો ધારકો વિરુધ્ધ ત્યાર બાદની ઝોન કચેરીએ કોઈ કાર્યવાહી કરેલ છે કે કેમ? જો આવી કોઈ કાર્યવાહી કરી હોય તો તેની નકલો સહિતની વિગતો આપશો. અને જો કાર્યવાહી કરવામાં ન આવી હોય તો તે કયા કારણસર? તથા કયા કયા ગે.કા. ઉભા કરેલ બાંધકામ ધારકો વિરુધ્ધ ઝોન કચેરી કાર્યવાહી કરતું નથી તેની વિગતો નકલો સહિત આપશો. આમ અરજદારે મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી માંગતી અરજી કરવામાં આવેલ. જે બાબતે અરજદારે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી તા.૩–૧૦–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે અંગે અત્રેથી બંને પક્ષકારો પાસેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૯૨૦ તા.૧૨–૧૦–૧૧ થી પૂરક વિગતો માંગવામાં આવેલ. પરંતુ બંને પક્ષકારો પૈકી કોઈ પણ પક્ષકાર તરફથી પૂરક વિગતો અત્રે મળેલ નથી તેમજ જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને માહિતી પૂરી પાડેલ જણાતી નથી તેમજ આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ પણ જણાવેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૩–૮–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ ન હોય આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને જરૂર જણાયે દફતરી તપાસણી પૂરી પાડી દફતરી માહિતી પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૧–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન)....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી અનવર એ. ઘાંચી,